# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | ચાવડા શકુંતલાબેન દિનેશભાઈ |
| કોર્સનું નામ - | પીએચ.ડી.ગુજરાતી |
| વર્ષ - | 2020/21 |
| શીર્ષક - | "એકવીસમી સદીમાં બાળસાહિત્ય ક્ષેત્રે નારીસર્જકોનું પ્રદાન |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. પ્રશાંત પટેલ |

વિષયની ટૂંકમાં વિગત (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) લખવી :

"એકવીસમી સદીમાં બાળસાહિત્ય ક્ષેત્રે નારીસર્જકોનું પ્રદાન"

નાનકડા બીજમાં સમગ્ર વૃક્ષ સમાયેલું હોય છે. બીજમાં જેમ વૃક્ષરૂપે વિકસવાની અને ફાલવાની શક્યતા ભરેલી હોય છે તેમ બાળકમાં પણ પૂર્ણ વ્યક્તિરૂપે વિકસવાની શક્યતા રહેલી હોય છે. ગુજરાતી બાળસાહિત્યનો પ્રારંભ ક્યારથી થયો તેની ચર્ચા ઉપરાંત તેના મૂળ સ્રોત જેમ કે પંચતંત્ર, હિતોપદેશ, રામાયણ, મહાભારત કે ભાગવતમાં છે એની છણાવટ કરી છે. બાળસાહિત્યમાં પ્રદાન કરનાર મુખ્ય નારીસર્જકોના સાહિત્યને યુગપ્રમાણે વિભાજન કરી તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. બાળસાહિત્યમાં યોગદાન આપનાર પ્રમુખ સર્જકો જેવાં કે તારાબહેન મોડક, હંસાબહેન મહેતા, એની સરૈયા, સુશીલા ઝવેરી, અરુણિકા દરૂ, હિમાંશી શેલત વગેરેના જન્મ, ઘડતર અને સર્જનની નોંધ કરી છે. ડૉ. રક્ષા દવે, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ગિરા પિનાકીન ભટ્ટ અને પુષ્પા અંતાણીના નોંધપાત્ર પાંચ-પાંચ બાળકથાસંગ્રહોનો અહીં સૂક્ષ્મ રીતે અભ્યાસ કરેલ છે. બાળનાટ્ય સર્જન ક્ષેત્રે ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ધીરુબહેન પટેલ, વનલતા મહેતા અને ડૉ. ઉષા ઉપાધ્યાયના વિવિધ નાટકો અને તેની શૈલીને તપાસી છે. બાળકોના પ્રિય એવાં બાળકાવ્યમાં પ્રદાન કરનાર ડૉ. રક્ષા દવે, કીર્તિદા બ્રહ્મભટ્ટ, વંદના ભટ્ટ અને ડૉ. ભારતીબેન બોરડના બાળકાવ્ય સંગ્રહની છણાવટ કરી છે. ઉપરના નારીસર્જકો એ આજના આધુનિક સમયમાં બાળકો માટે જ્યારે નવા નવા યાંત્રિકી ઉપકરણો બજારમાં ઉપલબ્ધ છે તેવા પડકારજનક સમયમાં બાળભોગ્ય મિશ્રિત ભાષામાં નવી અભિવ્યક્તિ, નવીન પાત્રો અને કલ્પકતા સાથે વિવિધ વિષયોને વણીને વાર્તાઓ, નાટકો અને કાવ્યો પ્રસ્તુત કર્યા છે. બાળકોની નિરાલી લીલાઓને આલેખવા માટે તેમણે પસંદ કરેલી ભાષા, વિષયોનું ભાવવિશ્વ એ બંને રીતે નારીસર્જકો બાળમાનસ પર વિશેષ છાપ પાડે છે. બાળકોને મનોરંજનની સાથે સાથે સંસ્કાર માટે ઉપરોક્ત નારીસર્જકોનું પ્રદાન ઉત્તમ અને નોંધનીય છે.